એન.આઈ.ડી.ના બે વિદ્યાર્થી અને વાવોલની ગૃહીણી કોરોનાની ઝપેટમાં

૩ દિવસ બાદ શહેરમાં કોરોનાના વધુ ૩ કેસ નોંધાતા તંત્ર એલર્ટ મોડમાં

ગાંધીનગર, તા. ૨૫

૩ દિવસના વિરામ બાદ આજે ગાંધીનગર શહેરમાં કોરોનાના વધુ ૩ કેસ નોંધાયા છે. ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે પણ કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી.

ગાંધીનગર શહેરમાં જે રીતે કેસો મળી રહ્યા છે તેને લઈ તંત્ર ચિંતીત બન્યુ છે. આજે નોંધાયેલા ૩ કેસમાં બે વિદ્યાર્થીઓ છે અને એક ગૃહીણી છે. આજે નોંધાયેલા ત્રણેય દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

મળતી વિગતો મુજબ આજે નોંધાયેલા ૩ કેસમાં એક કેસ વાવોલ ગામનો છે જ્યાં એક ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. જ્યારે ઈન્ફોસીટી વિસ્તારમાંથી બે વિદ્યાર્થીઓના રિપોર્ટ પોઝીટીવ આવ્યા છે. આ બન્ને વિદ્યાર્થી એન.આઈ.ડી.માં અભ્યાસ કરી રહ્યા છે.

શહેરમાં જે રીતે કેસો મળી રહ્યા છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે. શહેરમાં સંક્રમણની સ્થિતિ નિયંત્રણ હેઠળ છે પરંતુ શૈક્ષણિક સંકુલોમાંથી જે રીતે કેસો સામે આવી રહ્યા છે તેણે તંત્રની ચિંતા વધારી છે.

શહેરમાં છેલ્લા ૧૦ દિવસમાં કોરોનાના કેસો ૨૦થી વધુ નોંધાયા છે. સંક્રમણ ઘટતાં લોકો કોરોના ગાઈડલાઈનના પાલનમાં જે બિફિકરાઈ દાખવી રહ્યા છે તેથી તંત્ર પણ ચોંક્યુ છે અને તેણે જાહેર સ્થાનો પર સોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાઈ રહે તે જોવા તંત્રને જણાવ્યુ છે.

શહેરમાં મોટાભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ હોવાથી તંત્રએ પણ હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તે જોવા તાકીદ કરી છે. તંત્રએ હાલ ૨૦૦થી વધુ લોકોને હોમ આઈસોલેટ કર્યા છે.

સફળ વિજિલન્સ ઓફિસર બનવા માટે ઉદ્દેશ્યપૂર્ણ અભિગમ અનિવાર્ય : ડૉ. જે.એમ. વ્યાસ

ગાંધીનગર, તા. ૨૫

નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી (NFSU), ગાંધીનગર ખાતે તા. ૨૫મી મે, ૨૦૨૨ના રોજ પ્રિવેન્ટિવ વિજિલન્સ અંગે ૩૭ જાહેર ક્ષેત્રના એકમોના વિજિલન્સ અધિકારીઓના ત્રિ-દિવસીય તાલીમ કાર્યક્રમનો પ્રારંભ થયો છે. તાલીમના પ્રથમ દિવસે, ડૉ. જે.એમ. વ્યાસ, કુલપતિ NFSU દ્વારા વિજિલન્સ અધિકારીઓને રોલ ઓફ ફોરેન્સિક સાયન્સ ફોર પ્રિવેન્ટિવ વિજિલન્સ વિષય ઉપર સંબોધવામાં આવ્યા હતા.

ડૉ. જે.એમ. વ્યાસે જણાવ્યું હતું કે એક ઉત્તમ વિજિલન્સ અધિકારી બનવા માટે સતર્કતા અને વિશ્લેષણાત્મક દૃષ્ટિકોણ-આ કુદરતી ગુણો હોવા જરૂરી છે. સફળ વિજિલન્સ અધિઇકારી બનવા માટે વ્યક્તિએ ઉદ્દેશ્યપૂર્ણ અભિગમ અને ટેકનોલોજી આધારિત તપાસ અપનાવવી જરૂરી છે. કોઈપણ ગુનાની તપાસમાં જેટલો વધુ ઉદ્દેશ્યપૂર્ણ અભિગમ અપનાવવામાં આવ્યો હોય તેટલી માત્રામાં તે સત્યની વધુ નજીક હોય છે. તપાસ વ્યક્તિગત ધારણા આધારિત ન હોવી જોઈએ, પરંતુ તે ચોક્કસ ડેટા, નિયત આંતરરાષ્ટ્રીય ધારા-ધોરણોયુક્ત ટેકનોલોજી આધારિત હોવી જોઈએ. આ રીતે જ્યારે વ્યક્તિ ગુનાની તપાસના અભિગમમાં નિષ્પક્ષતા અપનાવે છે, ત્યારે તે સત્ય સુધી પહોંચી શકવા સમર્થ બને છે. ડૉ. જે.એમ. વ્યાસે વધુમાં જણાવ્યું હતું કે નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી (NFSU) પાસે અત્યાધુનિક ટેકનોલોજી અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર છે, જેનો ઉપયોગ ગુનાની તપાસમાં કરવામાં આવે છે. ગુનાની તપાસમાં ઉપયોગી લેયર્ડ વોઈસ એનાલિસીસ (LVA), સસ્પેક્ટ ડિટેક્શન સિસ્ટમ (SDS) અને આઈ ડિટેક્શન જેવી અદ્યતન ટેકનોલોજીનો લાભ લઈ શકે છે.

ગ્રુપ ફોટો સેશન દરમિયાન સી.ડી. જાડેજા, એક્ઝિક્યુટિવ રજિસ્ટ્રાર-NFSU, પ્રો. (ડૉ.) પૂર્વી પોખરિયાલ, કેમ્પસ ડાયરેક્ટર-NFSU અને આર.એન. ગુણા, નાયબ નિયામક-NFSU ઉપસ્થિત રહ્યા હતા.

૨૫ વર્ષમાં ગીરના સિંહ અમદાવાદ, જામનગર અને દ્વારકામાં જોવા મળશે

જંગલના સિંહની વસતીમાં વધારાને લઈને અનુમાન : સિંહની વસતી વધીને ૨૬૦૦ થઈ જશે : જો વાર્ષિક વૃદ્ધિ દર ૫ ટકા રહેશે તો આ આંકડો પાર થઈ જશે

ગીર-સોમનાથ,તા.૨૫

અમદાવાદઆગામી ૨૫ વર્ષમાં અમદાવાદીઓએ એશિયાઈ સિંહ જોવા માટે ગીર અભયારણ્ય જવાની જરૂર નહીં પડે. જંગલના રાજા તરીકે ઓળખાતા સિંહની વધતી જતી સંખ્યાને ધ્યાનમાં રાખીને અનુમાન લગાવવામાં આવી રહ્યું છે કે વર્ષ ૨૦૪૭ સુધીમાં અમદાવાદીઓ સોશિયલ મીડિયા પર તેમની સાથે સેલ્ફી શેર કરતા થઈ જશે અને સાથે કદાચ હેશટેગ પણ આપે કે ઈંદ્વેહક્ષ્ર્ક ત્રેહક્ષ્ણી ફૈજૈંહક્ષ્રેંજ. માનવામાં આવી રહ્યું છે કે આગામી સમયમાં ગીરના સિંહનું નવું સરનામું અમદાવાદ, જામનગર અને દેવભૂમિ દ્વારકા હોઈ શકે છે.

કેન્દ્રીય પર્યાવરણ, જંગલ અને ક્લાઈમેટ ચેન્જ મંત્રાલયનાના સૂત્રોના જણાવ્યા અનુસાર, આગામી ૨૫ વર્ષમાં ગુજરાતમાં સિંહની વસતી વધીને ૨૬૦૦ થઈ જશે. જો વાર્ષિક વૃદ્ધિ દર ૫ ટકા રહેશે તો આ આંકડો પાર થઈ જશે. મંત્રાલય દ્વારા આ બાબતના સંબંધિત અધિકારીઓને કહેવામાં આવ્યું છે કે પ્રોજેક્ટ લાયન માટે આ અનુમાનને પણ ધ્યાનમાં લેવામાં આવે અને ૨૫ વર્ષના સમયગાળાને ધ્યાનમાં રાખીને જરૂરી સુધારા વધારા કરવામાં આવે. સૂત્રોનું કહેવું છે કે, જો ગુજરાતમાં સિંહોની વસતી વાર્ષિક ૩ ટકાના દરે વધશે તો પણ ૨૫૦૦ સુધી પહોંચી શકે છે.

ઉલ્લેખનીય છે કે મંગળવારના રોજ પ્રોજેક્ટ લાયનના સંદર્ભમાં ભુપેન્દ્ર યાદવ(કેન્દ્રીય મંત્રી, જંગલ, પર્યાવરણ અને જળવાયુ પરિવર્તન વિભાગ), જગદિશ પંચાલલ(રાજ્ય મંત્રી) તેમજ અન્ય અધિકારીઓએ ગિરમાં એક મીટિંગ રાખી હતી, જેમાં આ અનુમાન વિશે ચર્ચા કરી હતી. જગદિશ પંચાલ જણાવે છે કે, મીટિંગ દરમિયાન પ્રસ્તાવ મૂકવામાં આવ્યો કે આગામી ૨૫ વર્ષમાં સિંહોના નવા આવાસની શક્યતાઓ અને તેમની વધતી વસતીને ધ્યાનમાં રાખીને પ્રોજેક્ટની રચના કરવામાં આવે. આ સિવાય કેન્દ્રીય મંત્રીએ સિંહોને સંરક્ષણ માટે સ્થાનિકો દ્વારા કરવામાં આવતા પ્રયત્નોના વખાણ પણ કર્યા હતા. ભાવનગરમાં ઉમઠ વીરડી, ગિર, ગિરનાર, મિટિયાલા, હિંગોલગઢ, રાજુલાથી જાફરાબાદ સુધીના દરિયાકિનારાનો પટ્ટો તેમજ મહુવા સુધી સિંહો માટે સેટેલાઈટ્સ હેબિટટ્સની પ્રસ્તાવના કરવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે એશિયાઈ સિંહોના સંરક્ષણ માટે તેમજ તેઓ લુપ્ત ન થાય તે માટે પ્રોજેક્ટ લાયનની શરુઆત કરવામાં આવી છે. નેશનલ ટાઈગર કન્ઝર્વેશન ઓથોરિટી દ્વારા આ પ્રોજેક્ટ લાયનનું સંચાલન કરવામાં આવી રહ્યું છે.

ગાંધીનગરની ત્રણ હોટલ / રેસ્ટોરન્ટને હાયજીન રેટિંગમાં પાંચ સ્માઈલી મળ્યા

શહેરની ફોર્ચ્યુન ઈન હવેલી હોટેલ, રાધે ફૂડ કોર્ટ, અને ધ લીલા હોટેલે પાંચ સ્માઈલી મેળવ્યા, ગુણવત્તાયુક્તયુક્ત અને સલામત ખોરાક માટે જનજાગૃતિ જરૂરી છે : ડો. કુલદીપ આર્ય

ગાંધીનગર

ગાંધીનગરની ફોર્ચ્યુન ઈન હવેલી હૉટેલ, રાધે ફૂડ કોર્ટ, અને ધ લીલા હૉટેલે હાયજીન રેટિંગમાં પાંચ સ્માઈલી મેળવ્યા છે. મહાદેવ એન્ટરપ્રાઇઝ (જય ભવાની વડાપાઉ), સોમનાથ હોસ્પિટાલિટી અને ફુર્રાટ રેસ્ટોરન્ટે ચાર સ્માઈલી મેળવ્યા છે. જ્યારે દાદી'સા રેસ્ટોરન્ટ અને ટેરાકોટા રેસ્ટોરન્ટને હાયજીન રેટિગમાં ત્રણ સ્માઈલી મળ્યા છે. જિલ્લા કલેકટર શ્રી ડૉ. કુલદીપ આર્યએ સ્માઈલી મેળવનાર ફૂડ બિઝનેસ ઓપરેટરોનું સન્માન કર્યું હતું.

ભારતીય ખાદ્ય સુરક્ષા અને માનક પ્રાધિકરણ (એફ.એસ.એસ.એ.આઈ.) દ્વારા મંજૂર થયેલી એમ્પેનલ્ડ એજન્સીના ઓડિટર દ્વારા તાજેતરમાં ગાંધીનગર જિલ્લાની હૉટેલ્સ અને રેસ્ટોરન્ટસનું હાયજીન રેટિંગ ઈન્સ્પેક્શન કરવામાં આવ્યું હતું. ગાંધીનગર જિલ્લાની ત્રણ હૉટેલ્સ/રેસ્ટોરન્ટસે હાયજીન રેટિંગમાં પાંચ સ્માઈલી મેળવ્યા હતા. ત્રણ હૉટેલ્સ/

રેસ્ટોરન્ટસે ચાર સ્માઈલી અને બે રેસ્ટોરન્ટસ એ ત્રણ સ્માઈલી મેળવ્યા છે. ગાંધીનગર જિલ્લા કલેકટર શ્રી ડૉ. કુલદીપ આર્યએ આજે ગાંધીનગર જિલ્લાના ખોરાક અને ઔષધ નિયમન તંત્રની જિલ્લાકક્ષાની સેફ ફૂડ એન્ડ હેલ્ધી ડાયટ્સ માટેની સલાહકાર સમિતિની બેઠકમાં હાયજીન રેટિંગ મેળવનાર ફૂડ બિઝનેસ ઓપરેટરોને પ્રમાણપત્રો આપીને સન્માનિત કર્યા હતા. કલેકટર શ્રી ડૉ. કુલદીપ આર્યએ ખોરાકમાં ભેળસેળ અંગેની જાણકારી નાગરિકોને મળી રહે, લોકોને ગુણવત્તાયુક્ત અને સલામત ખોરાક મળી રહે તે માટે જનજાગૃતિ લાવવા સઘન પ્રયાસો કરવા ખોરાક અને ઔષધ નિયમન તંત્રને જણાવ્યું હતું.

ભારતીય ખાદ્ય સુરક્ષા અને માનક પ્રાધિકરણ (એફ.એસ.એસ.એ.આઈ.) ની એજન્સીના ઓડિટરોએ ફૂડ સેફ્ટી સુપરવાઈઝર માટેની તાલીમ પણ આપી હતી. આ માટે ગાંધીનગર જિલ્લાના ગજાનંદ મસાલાના શ્રી સંતોષ યાદવ, કિચન એક્સપ્રેસ મસાલાના શ્રીમતી નયનાબેન પટેલ અને ઈન્દુબેન ખાખરાવાળાના શ્રી ચિતકભાઈ પટેલને જિલ્લા કલેકટર શ્રી ડૉ. કુલદીપ આર્યએ ટ્રેનિંગ સર્ટિફિકેટ એનાયત કર્યા હતા.

અમદાવાદમાં ફી વધારો કરવા ધૂણતા આચાર્ય

વાલીઓ પાસે વધુ ફીની કરી હતી માંગણી : ૧.૧૦ લાખની ફી હતી તેના સ્થાને વાલીઓ પાસે માગ્યા રૂ.૧.૨૫ લાખ માગ્યા હતા. જેથી વાલીઓએ ભેગા મળી વિરોધ કર્યો હતા

અમદાવાદ તા.૨૫

એક તો ચોરી અને ઉપરથી સીનાજોરી શાળા સંચાલકોની મનમાનીનો વધુ એક પુરાવો સામે આવ્યો છે. પણ આ વખત ફી વધારવા શાળાએ માતાજીના નામનો સહારો લીધો છે. અમદાવાદના નરોડાની નવયુગ સ્કૂલ ઓફ સાયન્સ વિવાદમાં આવી છે. શાળાના આચાર્યએ વાલીઓ પાસે વધુ ફીની માંગણી કરતા મુદ્દો ઉચકાયો હતો. અને આચાર્ય ધૂણવા લાગ્યા હતા.

અમદાવાદમાં સ્કૂલના ધૂણતા આચાર્યનો વીડિયો હાલ ખૂબ વાયરલ થઈ રહ્યો છે. વધુ ફી માટે દબાણ કરતા આચાર્ય વાલીઓ સામે ધૂણ્યા લાગ્યા હતા. જો ઘટના પર નજર કરીએ તો જ્યારે વાલીઓ ૧૨ સાયન્સની માર્કશીટ ઉઘરાવવા ગયા હતા ત્યારે માર્કશીટ લેવા પહોંચેલા વાલીઓ પાસે વધુ ફીની માગ કરાઈ હોવાનો આરોપ થઈ રહ્યો છે.રૂ.૧.૧૦ લાખની ફી હતી તેના સ્થાને વાલીઓ પાસે માગ્યા રૂ.૧.૨૫ લાખ માગ્યા હતા. જેથી વાલીઓએ ભેગા મળી વિરોધ કર્યો હતો. ફી બાબતે થોડી બોલાચાલી બાદ આચાર્ય મુકેશ પટેલ ધૂણ્યા લાગ્યા હતા. અને કહેવા લાગ્યા હતા કે માડી સિકોતર બોલું છું, હું સિકોતર માતાનો ભૂવો છું, આમને ધક્કો મારીને કાઢો, આને ક્યો રેકોર્ડિંગ નહીં ચાલે, તને ખબર છે ને ગયા અઠવાડીયે શું થયું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે નરોડાની નવયુગ સ્કૂલ ઓફ સાયન્સમાં મસમોટી ફી ઉઘરાવવા આવા અવનવા ગતકડા કાઢવામાં આવતા હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે.

ગુજરાત સરકાર પેટ્રોલ-ડીઝલમાં VAT નહીં ઘટાડે

ગાંધીનગર, તા.૨૫

કેન્દ્ર સરકાર દ્વારા એક્સાઈઝ ડ્યુટીમાં ઘટાડો કરી પેટ્રોલ-ડીઝલના ભાવ ઘટાડાવામાં આવ્યા છે, ત્યારે તમામની નજર રાજ્ય સરકાર તરફ મંડાઈ છે. તમામ અપેક્ષા રાખી રહ્યાં છે કે, ગુજરાત સરકાર પણ સેસમાં ઘટાડો કરી અને પેટ્રોલ-ડીઝલના ભાવમાં ઘટાડો કરી શકે છે. પણ આશાઓ પર પાણી ફરી વળ્યું છે.રાજ્ય સરકાર પેટ્રોલ-ડીઝલ પરની ડ્યુટી ઘટાડવાના મૂડમાં નથી.

પત્રકારે આ અંગે સવાલ કરતા વાઘાણી મૌન રહ્યા હતા. કેન્દ્ર સરકારના નિર્ણયને આવકર્યો એવો જવાબ રજૂ કર્યો હતો જ્યારે રાજ્ય સરકાર ડ્યુટી ઘટાડવા બાબતે છટકબારી શોધી હતી. જે ઈશારો કરે છે ગુજરાત સરકાર હાલમાં પેટ્રોલ ડીઝલની કિમતમાં ટેક્સમાં કોઈ ઘટાડો કરવા માંગતી નથી. મહત્વનું છે કે કેન્દ્ર સરકારની અપીલ બાદ કેરળ અને મહારાષ્ટ્રમાં સરકારફછ્ ઘટાડી ઈંધણથી દાઝેલી જનતાને મલમ ચોપડ્યો છે. પણ ગુજરાત સરકારે દિવાળી વખતે ૭ રૂપિયાનો ઘટાડો પહેલેથી જ આપી દીધો હોવાથી આ વખતે સરકાર કોઈ વેટ નહીં ઘટાડે તેવુ સ્પષ્ટ દેખાઈ રહ્યું છે.

ગાંધીનગર ખાતે કેબિનેટની બેઠક યોજાઈ : ગુજરાત સરકારે દિવાળી વખતે ૭ રૂપિયાનો ઘટાડો પહેલેથી જ આપી દીધો હોવાથી આ વખતે સરકાર કોઈ વેટ નહીં ઘટાડે તેવુ સ્પષ્ટ દેખાઈ રહ્યું છે

ગુજરાત સરકારની કેબિનેટ બેઠકમાં લેવાયેલા નિર્ણય અંગે જીતુ વાઘાણીએ માહિતી આપતા કહ્યું કે ન્ૅ ગેસ સિલિન્ડર પરવાનામાંથી ડિલરોને મુક્તિ આપી દેવામાં આવી છે. હવે કોઈ અધિકારી હવે ન્ૅ ગેસ પરવાના રદ્દ નહી કરી શકે. જેનો સીધો મતલબ એ થાય છે કે પહેલા ન્ૅ ગેસના વેચાણ કરવા માટે પરવાનાની જરૂર હતી, આ આધારે જ ગુજરાતના તમામ ડીલર્સ પોતાના નોંધાયેલા ગ્રાહકોને ગેસની બોટલ આપતા હતા. પણ જો કોઈ મુશ્કેલી પડે તો પુરવઠા અધિકારીઓ તાબડતોબ ડીલર્સનો પરવાનો રદ્દ કરી નાખતા હતા.

જેથી ગેસ ડિલરોને સમસ્યાઓનો સામનો કરવો પડતો હતો ગ્રાહકો હેરાન થતાં હતા. પણ કેબિનેટ બેઠકમાં લેવાયેલા નિર્ણય પ્રમાણે LPG ગેસ પરવાના માંથી મુક્તિ આપી દેવામાં આવી છે. ગુજરાત સરકારના આ નિર્ણયને ગેસ ડિલરો વધાવી રહ્યા છે.

તાપીમાં ધોધમાર વરસાદ, રાજ્યમાં વરસાદી માહોલની આગાહી

ભર ઉનાળે વરસાદથી વાતાવરણમાં ઠંડક પ્રસરી : નવસારી-વલસાડમાં હળવા વરસાદી ઝાપટાની શક્યતા

સુરત,તા.૨૫

ગઈકાલે સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં વરસાદ નોંધાયો હતો, રિપોર્ટ્સ મુજબ રાજકોટના કુવાડવા રોડ પર માત્ર ૧૦ જ મિનિટમાં સૌથી વધુ અડધો ઈંચ જેટલો વરસાદ વરસી ગયો હતો. ભારે વરસાદ થતા નીચાણવાળા વિસ્તારોમાં વરસાદી પાણી ભરાઈ ગયા હતા. આજે પણ તાપી સહિતના દક્ષિણ ગુજરાતના જિલ્લાઓમાં વરસાદ નોંધાયો છે. હવામાન વિભાગે પણ આગામી દિવસોમાં ગુજરાતમાં વરસાદી માહોલ રહેવાની આગાહી કરી છે. આ સાથે જણાવ્યું છે કે કયા-કયા વિસ્તારોમાં વરસાદ થવાની શક્યતાઓ છે.

આજે સવારે તાપીમાં ધોધમાર વરસાદ થયો હોવાના અહેવાલ પ્રાપ્ત થઈ રહ્યા છે. આ

સિવાય દક્ષિણ ગુજરાતના વલસાડ જિલ્લામાં પણ વરસાદી માહોલ બન્યો છે. જિલ્લાના ધરમપુર, કપરાડા, વાપી, પારડી, વલસાડ અને આજુબાજુના વિસ્તારોમાં વરસાદી ઝાપટાં પડ્યા છે. હવામા વિભાગની આગાહીમાં વરસાદ અંગે કોઈ ચેતવણી આપવામાં આવી નથી. રાજ્યના હવામાન વિભાગે આજે રાજ્યના નવસારી, વલસાડમાં હળવા વરસાદની સાથે કડાકા સાથે ઝાપટાંની સંભાવના વ્યક્ત કરી હતી. આજ રીતે ગુરુવારે પણ દક્ષિણ ગુજરાતના નવસારી અને વલસાડમાં હળવા વરસાદી ઝાપટાં થવાની શક્યતા વ્યક્ત કરી છે. આ સિવાય ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છમાં હવામાન સૂકું રહેવાની વકી છે. ઉત્તરપૂર્વ રાજસ્થાનમાં ઉભા થયેલા સાઈક્લોનિક સર્ક્યુલેશના કારણે રાજ્યના હવામાનમાં પલ્ટો આવ્યો હોવાનું મનાઈ રહ્યું છે. ગુજરાતની સાથે દેશના દિલ્હી સહિત અન્ય ભાગોમાં પણ વરસાદ નોંધાયો છે, દિલ્હીમાં પણ ભારે વરસાદ થતા ઠંડક પ્રસરી ગઈ હતી પરંતુ લોકો રસ્તાઓ પર અટવાઈ ગયા હતા.

આ તરફ આસામમાં થઈ રહેલા ભારે વરસાદના લીધે પૂરની સ્થિતિનું નિર્માણ થયું છે. આસામાં પૂરની સ્થિતિના કારણે ૨૬ લોકોના મોત થઈ ગયા છે. જ્યારે ૧૭ જિલ્લાઓના ૫.૮ લાખ લોકો પુરની આફતના લીધે અસરગ્રસ્ત થયા છે.

રાજ્યમાં ગરમીનું જોર ઘટ્યું છે ત્યારે આગામી ૩-૪ દિવસ સુધી મહત્તમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર થવાની સંભાવના નથી. ઉનાળુ વેકેશનનો અંત છે ત્યારે ગરમીનું જોર ઘટતા પ્રવાસના સ્થળો પર પહોંચતા લોકોની ભીડમાં વધારો થઈ રહ્યો છે.

ગાબડા પડે તો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અનુસાર આમ તો હાલની સ્થિતિએ સેકટરોના આંતરિક માર્ગો કોર્પોરેશનને સોંપી દેવાયા છે. જયારે મુખ્યમાર્ગો અન્વયે ઘ માર્ગની સુધારણાનુ કામ બાકી છે. આ ઉપરાંત અન્ય પણ ઉભા આડા માર્ગોની કામગીરી અટવાયેલી છે. જો કે આ કામ સરકારી પ્લાન્ટના આધારે કરવાનુ થતુ હોવાથી મશીનરી ઉપલબ્ધ થાય ત્યાર બાદ અલબત્ત હવે ચોમાસા બાદ માર્ગોના રીસરફેસીંગનુ કામ હાથ ધરાશે પરંતુ વરસાદી દિવસો પુર્વે પણ માર્ગોનુ જરૂર જણાંય ત્યાં પેચવર્ક કરવા તેમજ ખાડા હોય તો પુરી દેવા માટે પણ તંત્રએ તૈયારી કરી છે.

સુત્રોના જણાંવ્યા મુજબ શહેરના મુખ્યમાર્ગો પર મોટાભાગે ક્યાંય ગાબડા નથી પરંતુ વરસાદી દિવસોમાં આ પ્રકારની સ્થિતિ સર્જાય તો ત્વરિત અસરથી ગાબડા પુરવા માટે પણ પ્રિમોન્સુન પ્લાન અન્વયે આયોજન કરી દેવાયુ છે. શહેરના સે-૧૬ સ્થિત સર્વિસ રોડ પર પેટ્રોલ પંપની સામે જ હાલની સ્થિતિએ મોટા ખાડા અસ્તિત્વમાં આવ્યા છે. જેના લીધે રોજબરોજ વાહનચાલકો હાલાકી વેઠી રહ્યા છે. સર્વિસ રોડ પર રોજબરોજ સેંકડો વાહનોની અવરજવર રહે છે. જયારે સાંકડા સર્વિસ રોડ પર ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાય છે. પેટ્રોલપંપ પર એસ ટી બસ સહીતના વાહનો આવતા હોવાના લીધે આ માર્ગ વધુ ટ્રાફિકથી ભરચક જોવા મળે છે. ત્યારે આ ઠેકાણે પણ ત્વરિત ગાબડા પુરવા માટે આયોજન કરવામાં આવે તેવી માંગ પણ ઉઠવા પામી છે.

મેંગો મહોત્સવ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મેંગો મહોત્સવમાં ગુજરાત તથા ગુજરાત બહારથી એમ ભારતભરની કેરીઓ ઉપલબ્ધ હશે. આ મહોત્સવમાં મનોરંજનની વિવિધ સ્પર્ધાઓ, સાંસ્કૃતિક કાર્યક્રમો, બાળકો માટે વિવિધ સ્પર્ધાઓનું પણ આયોજન કરવામાં આવ્યું છે. ભારતના વિવિધ રાજ્યોમાંથી વેપારીઓ અને ઉત્પાદકોને આ રાષ્ટ્રીય મેંગો મહોત્સવમાં આમંત્રિત કરવામાં આવ્યા છે. ૧૦૦ થી પણ વધારે કેરીઓના પ્રદર્શન મુકવામાં આવશે.

રાષ્ટ્રીય મેંગો મહોત્સવ ૨૦૨૨નું ઉદ્ઘાટન ૨૭મીએ સવારે ૮ વાગે રામકથા મેદાન સેક્ટર-૧૧ ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં કરવામાં આવશે. જેમાં ગુજરાત અને ભારતના અન્ય પ્રાંતોની કેરીઓનું પ્રદર્શન ત્રણ દિવસ માટે જાહેર જનતા માટે ખુલ્લુ મુકવામાં આવશે.

દુનિયામાં સૌથી વધારે કેરીઓનું ઉત્પાદન ભારતમાં થાય છે. જગતભરમાં આશરે ૨ હજાર જાતની કેરીઓ પાકે છે. જે સ્વાદ, રંગ, રૂપ, આકાર, વજનની ખાસિયતોને કારણે અલગ અલગ ઓળખ ધરાવે છે. ભારતમાં કેસર, હાફુસ, રાજાપુરી, તોતાપુરી, પાયરી વગેરે જેવી ૨૪ જાતો પ્રખ્યાત છે. આ મેંગો ફેસ્ટિવલના કારણે ત્રણ દિવસ સુધી શહેરમાં કેરીની ભરપૂર મનોહર સુગંધ ફેલાઈ જશે.

સાકાર પામશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વિભાગના અધિકારીઓ જાણે આ યોજનાનુ કામ આગળ વધે તે માટે રસ જ દાખવતા ન હોવાની સ્થિતિ સર્જાઈ છે. ગાંધીનગરના સાંસદ ગૃહમંત્રી અમિત શાહ પણ આ વિસ્તારના છે ત્યારે તેમની કક્ષાએથી શહેર તેમજ આસપાસના વિસ્તારમાં આમ નાગરિકોને માળખાગત સુવિધાઓ ઉપલબ્ધ થાય તેમજ નાગરિકોની હાલાકીનો અંત આવે તે મુજબ ઝડપથી કામ હાથ ધરવા માટે તંત્રને જણાંવાયુ છે પરંતુ અનેક પત્ર વ્યવ્હારના અંતે પણ રેલવે પર ફાટક બાંધવાની યોજના આગળ વધતી નથી. ગાંધીનગરના સાંસદ અને ગૃહમંત્રીની સુચનાના અંતે પણ આ પ્રકારના કામમાં એક વિભાગ સાથે બીજા વિભાગો સંકલન ન દાખવતા આખી યોજના લોકઉપયોગી બની શકતી નથી. બીજીતરફ સરકારના આયોજનના અંતે પણ આમ નાગરિકોએ હજુ જોખમી અને ખુલ્લા ફાટકો પર ટ્રાફિક જામ વચ્ચે સમય પસાર કરી હેરાનગતિ વેઠવી પડે છે.

આજીવન કેદ

● અનુસંધાન પહેલાનું ચાલુ

એનઆઈએ કોર્ટે ૧૯ મેના રોજ આ કેસમાં યાસીનને દોષિત ઠેરવ્યો હતો.

સુનાવણી દરમિયાન મીડિયાકર્મીઓને પણ કોર્ટમાં પ્રવેશની મંજૂરી નહોતી અપાઈ. સાથે જ કોર્ટની બહાર સુરક્ષા મામલે સઘન વ્યવસ્થા કરવામાં આવી છે.

અગાઉ ૧૯ મેના રોજ વિશેષ કોર્ટે યાસીન મલિકને દોષી ઠેરવ્યો હતો. કોર્ટે એનઆઈએ અધિકારીઓને દંડની રકમ નક્કી કરવા માટે મલિકની નાણાકીય સ્થિતિની આકારણી કરવા માટે નિર્દેશ આપ્યો હતો. આ સાથે જ મલિકને પોતાની સંપત્તિ અંગેનું સોગંદનામુ દાખલ કરવા માટે કહેવામાં આવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે, મલિકે યુએપીએ અંતર્ગત લગાવવામાં આવેલા આરોપો સહિતના પોતાના પર લાગેલા તમામ આરોપોનો સ્વીકાર કર્યો હતો. આ આરોપોમાં યુએપીએની કલમ ૧૬ (આતંકવાદી કૃત્ય), ૧૭ (આતંકવાદી કૃત્યો માટે ધન એકત્રિત કરવું), ૧૮ (આતંકવાદી કૃત્યનું ષડયંત્ર) અને કલમ ૨૦ (આતંકવાદી ટોળકી કે સંગઠનનું સદસ્ય હોવું) તથા ભારતીય દંડ સંહિતાની કલમ ૧૨૦-બી (ગુનાહીત ષડયંત્ર) અને ૧૨૪-એ (રાજદ્રોહ)નો સમાવેશ થાય છે.

યાસીનના વકીલ ફરહાનનું કહેવું છે કે કોર્ટરૂમમાં યાસીને કહ્યું કે તે સજા વિશે વાત નહીં કરે અને કોર્ટ ખુલ્લેઆમ સજા આપી શકે છે. જ્યારે એનઆઈએએ યાસીન માટે ફાંસીની સજાની માગ કરી ત્યારે તે લગભગ ૧૦ મિનિટ સુધી મૌન રહ્યો. યાસીને કોર્ટમાં એ પણ જણાવ્યું કે જ્યારે પણ તેને આત્મસમર્પણ કરવાનું કહેવામાં આવ્યું ત્યારે તેણે આત્મસમર્પણ કર્યું. કોર્ટને જે યોગ્ય લાગે તે કરવા તે તૈયાર છે.

મંદ પડ્યું

● અનુસંધાન પહેલાનું ચાલુ

કે કેરળ સુધી સમયસર પહોંચ્યા બાદ ચોમાસાને ત્યારબાદ આગળ વધવામાં અવરોધોનો સામનો કરવો પડી શકે છે.

ચોમાસું આગળ વધતું હોય ત્યારે તેની ગતિમાં વધારો ઘટાડો થવો કોઈ નવી વાત નથી. હાલમાં જ તેમાં મજબૂતાઈ જોવા મળી હતી. જોકે, હવે પછી તેની ગતિમાં ઘટાડાની શક્યતા છે. એક અધિકારીના જણાવ્યા અનુસાર, અસાની વાવાઝોડાં બાદ ચોમાસું આંદામાન અને નિકોબાર દ્વીપ સમૂહો સુધી પહોંચ્યું ત્યારે તેની ગતિ ઝડપી હતી. જોકે, હાલ મંદ પડેલી ગતિ ફરી વધવામાં થોડો સમય લાગશે.

બીજી તરફ, રાજ્યના સૌરાષ્ટ્ર તેમજ દક્ષિણ ગુજરાતમાં ગઈકાલથી વરસાદી માહોલ છે. વલસાડમાં મંગળવારે કેટલાક સ્થળોએ જોરદાર ઝાપટાં પડ્યાં હતાં, તો રાજકોટમાં અડધો કલાકમાં અડધા ઈંચ જેટલો વરસાદ પડી ગયો હતો.